# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-04-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં સુરક્ષા મજબુત:

જમ્મુ-કાશ્મીરમાં ભારતીય પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાને પગલે પાકિસ્તાન સરહદી રાજ્યોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિસ્થિતિમાં ગુજરાતના સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે.

કચ્છ પોલીસે આજે વિશેષ ચેકિંગ અભિયાન શરૂ કર્યું છે. પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા બોર્ડર વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ખાસ કરીને પાકિસ્તાન સરહદ નજીક આવેલા ખાવડા સીમાના આરઇ પાર્ક વિસ્તારમાં આવતા-જતા તમામ વાહનોની ચુસ્ત તપાસ કરવામાં આવી રહી છે. લોકોને વિનંતી કરવામાં આવી છે કે જો તેમના વિસ્તારમાં કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળે તો તાત્કાલિક પશ્ચિમ કચ્છ પોલીસને જાણ કરે.

-------------------------------------------------------------------------------------------

## વિશ્વ રસીકરણ સપ્તાહ ઉજવણી:

કચ્છમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા 20થી 30 એપ્રિલ દરમિયાન વિશ્વ રસીકરણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોને ૧૧ ગંભીર રોગથી રક્ષણ કરવા માટે અગત્યની રસીઓ આપવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત આવતીકાલે બાળકોનું ખીલખીલાટ વાહન દ્વારા રસીકરણ કરવામાં આવશે. 26 એપ્રિલના 9 મહિનાથી વર્ષ સુધીના તમામ બાળકોને ઓરી અને રૂબેલાની રસી અપાશે તથા 30 એપ્રિલના મમતા દિવસ નિમિતે સગર્ભા માતાઓના રસીકરણનું આયોજન કરાયું છે. રસીકરણથી વંચિત રહી ગયેલા બાળકો અને સગર્ભા માતાઓનું રસીકરણ વિશ્વ

રસીકરણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવશે. કાર્યક્રમના આયોજનની વિગતો નજીકના આશાબહેનો, આંગણવાડી  કાર્યકર અથવા એ.એન.એમ.નો સંપર્ક કરી મેળવી શકાશે.

---

## હાજીપીરના મેળાની તૈયારી -:

કોમી એકતાના પ્રતિક હજરત હાજીપીર વલીના ત્રિદિવસીય મેળાની તડામાર તૈયારીઓ આરંભાઇ ચૂકી છે. કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્ર કાઠિયાવાડ મુંબઇના યાત્રાળુઓ માથું ટેકવવા આવે છે અને આ વખતે અંદાજિત 6 લાખ જેટલા લોકો મેળામાં ઉમટે તેવી સંભાવના વ્યકત કરાઇ છે. મેળામાં 300 જેટલા પ્લોટો ધંધાર્થીઓને ફાળવવામાં આવ્યા છે. પાણી પુરવઠા નખત્રાણા અને ખાનગી કંપની દ્વારા  1-1 લાખ લિટરના બે ટાંકાઓ છે તે ભરવામાં આવશે. સરહદી વિસ્તારને અનુલક્ષી મેળો સંપૂર્ણ શાંતિથી સંપન્ન થાય તે માટે 400 જેટલા પોલીસ અધિકારીઓ તેમજ પોલીસ કર્મચારીઓ અને જીઆરડી જવાનો સુરક્ષા વ્યવસ્થા સંભાળશે. એસ.ટી. વિભાગીય નિયામક વાય. કે. પટેલે જણાવ્યુ કે, આ વખતે મેળામાં 76 બસો ફાળવાઇ છે. આરોગ્ય સેવા માટે ગોરેવાલી આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ કાર્યરત રહેશે.

---

## રાપરમાં રાયડાની ખરીદી કેન્દ્ર શરૂ:

વાગડના ખેડૂતોને ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે એ માટે સરકાર દ્વારા વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. આ વખતે જીરું, રાયડો, વરિયાળી જેવી ખેતપેદાશોથી એપીએમસી ઊભરાઈ રહી છે, ત્યારે સરકાર દ્વારા એપીએમસીમાં વાગડ વિવિધલક્ષી ખેડૂત સેવા સહકારી મંડળી ખાતે ટેકાના ભાવે રાયડા ખરીદ કેન્દ્રનો એપીએમસીના સત્તાધીશો, ખેડૂતોની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાયો છે.

---

## દેશલપર-હાજીપીર રોડ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લાના રસ્તાઓ માટે 1 હજાર 242 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ સાથે 118 માર્ગોની 735 કિલોમીટર લંબાઇમાં આવા કામો હાથ ધરવા 975 કરોડ રૂપિયા માર્ગ-મકાન વિભાગ માટે મંજૂર કર્યા છે. જેમાં કચ્છના દેશલપર-હાજીપીર રોડનો સમાવેશ થાય છે. યાત્રાધામ હાજીપીરને જોડતા દેશલપર-હાજીપીરના 32 કિલોમીટર લંબાઈના 7 મીટર પહોળા સ્ટેટ હાઈવે પર અતિભારે વાહનોની અવરજવરને ધ્યાનમાં લઈને તેને સી.સી. રોડ બનાવવા માટે 95 કરોડ રૂપિયા ફાળવવાનો મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો છે.

---

## સ્પર્ધાત્મક પરીક્ષામાં દિવ્યાંગોના ફોર્મ ભરાશે:

અંધજન મંડળ સંસ્થા દ્વારા અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે, જેમાં પહેલીવાર ફક્ત દિવ્યાંગોના સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના ફોર્મ ભરવામાં આવશે. પરીક્ષા માટેના ફોર્મ ભરવા અંધજન મંડળ કે.સી.આર.સી. ભુજ, દરિયાસ્થાન મંદિર નખત્રાણા, યોગેશ્વરનગર-નલિયા અને રોટરી કલબ હોલ મુંદરા ખાતે સવારના 10થી સાંજે 5 વાગ્યા સુધી ફોર્મ ભરી શકાશે તેવું સંસ્થાના અગ્રણીઓ દ્વારા જણાવાયું છે.

---

## ઝરપરા ગામનો સ્થાપના દિવસ:

ચારણોના સૌથી મોટા ગામ ઝરપરાનો 812માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવશે. જ્યાં ગામનું તોરણ બંધાયું હતું એ સમી વૃક્ષમાં 30 એપ્રિલના તોરણવિધિ કરી ઊજવવામાં આવશે. તોરણવિધિ પછી ગામના દ્વિતીય સ્થાપક આંમિયા દાદાના સ્મારક મંદિરે કસૂંબો, નૈવેદ્ય, પૂજન કાર્યક્રમ યોજાશે.

---

## હવામાન:

કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં ચૈત્ર માસમાં ભીષણ ગરમીએ જનજીવનને અસર કરી છે. થોડા દિવસો પહેલા પવનથી મળેલી રાહત બાદ ફરી એકવાર તાપમાનમાં વધારો નોંધાયો છે. ભુજ અને અંજાર-ગાંધીધામમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રીને પાર પહોંચ્યું છે. હવામાન વિભાગે ગરમીના મોજાની કોઈ ચેતવણી જારી કરી નથી. જોકે, આવનારા દિવસોમાં મહત્તમ તાપમાન શનિવાર સુધી 40થી 44 ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------